જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

વિવેકધૈર્યાશ્રય

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીગુસાંઇજીના સપ્તમલાલજી શ્રીઘનશ્યામજીના આત્મજ
ગો.શ્રીગોપીશજી વિરચિત વિવેકધૈર્યાશ્રયની ટીકામાં આપશ્રીએ
બતાવેલ

આઠ પ્રકારના વિવેકો

(૧) પ્રથમ વિવેક – ‘હરિઃ સર્વમ્’

ભગવાન્ શ્રીહરિ સર્વદુઃખહર્તા છે. બધું જ લૌકિક યોગ-ક્ષેમ વગેરે કે જે પોતાના પ્રયત્નથી સાધી શકાય તેવું છે, તેમજ ભગવત્સેવાને અર્થે ઉપયોગી એવું બધું જ અલૌકિક તે બધું જ ભગવાન જ સિદ્ધ કરશે (કરી આપશે) તેથી ભગવત્સેવા છોડીને તેને મેળવવા માટેના પ્રયત્નો વગેરે કરવા નહીં.

(૨) બીજો વિવેક – ‘નિજેચ્છાતઃ કરિષ્યતિ’

શ્રીપ્રભુ-ભગવાન અલૌકિક છે અને આપણને જે વસ્તુની જરૂરિયાત છે તેને બરાબર જાણે છે અને આપણે સેવા કરીએ છીએ તેને પણ જાણે છે તેથી (તેમાં જે હિતકર હશે અથવા તેઓ જે કરાવવા માંગતા હશે) તે પોતાની ઈચ્છાથી જ કરશે. તે આપવામાં ભગવાન આપણી પ્રાર્થનાની અપેક્ષા કરતા નથી, તેથી પ્રાર્થના ન કરવી.

(૩) ત્રીજો વિવેક – ‘પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્’

સ્તુતિ-પ્રાર્થના-વિજ્ઞાપન વગેરે કરવાથી જ ભગવાન આપે છે તેમ નથી. (માંગ્યું હશે તો જ આપશે તેમ નથી, માંગેલું આપશે જ તેમ પણ નથી અને જાણ્યા વિના કેમ આપશે તેમ પણ નથી) પણ પોતાની ઈચ્છામાં જે આપવાનું વિચાર્યું હશે તે જ આપશે, તો પછી માંગીને-પ્રાર્થના કરીને શા માટે પોતાના સેવકધર્મને લજાવવો કે તેને હાનિ પહોંચાડવી ?

(૪) ચોથો વિવેક – 'સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ'

આ સમગ્ર વિશ્વમાં જે કંઈ પણ જડ-ચેતન છે તે એક માત્ર શ્રીભગવાનનું જ - તેમના જ અધિકાર-માલિકીનું છે તેમજ સર્વત્ર-બધે જ બધું જ કંઈ કરવા ભગવાન સર્વસમર્થ છે, તેથી આપણે કોઈ વસ્તુ મેળવવા આપણા મહાન્ પ્રયત્નો કરીએ તો પણ જો પ્રભુની ઈચ્છા નહીં હશે તો તે પ્રયત્નો સફળ નહીં જ થશે અને તેમાં અનેક વિઘ્નો આવતાં રહેશે. અને જે દુનિયામાં શક્ય જ નથી તેવું પણ જો આપવાની ભગવાનની ઈચ્છા હશે તો તે પ્રયત્ન વિના પણ મળી જ રહેશે. તેથી ભગવત્સેવા - ભગવદ્ભક્તિને છોડી તેવી લૌકિક બાબતો માટે પ્રયત્ન કરવો નહીં.

(૫) પાંચમો વિવેક – 'અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીન–ત્વભાવનાત્'

પોતાનો આત્મા, શરીર, ઈન્દ્રિય, પ્રાણ, પતિ, પત્ની, ઘર, પુત્ર, સ્વજનો, ધન, પાપ, પુણ્ય વગેરે સર્વમાં 'આ મારા' એવું અભિમાન રાખવું નહીં. હું મારા સ્વામી શ્રીપ્રભુને આધીન છું અને હું પ્રભુનો સેવક છું તેમ વિચારે અભિમાન ત્યાગવું. આ રીતે હું સ્વતંત્ર છું તેવો ભાવ ત્યાગી પોતે ભગવાનને પરતંત્ર છે તેવો ભાવ રાખવો.

(૬) છઠ્ઠો વિવેક – 'વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાત્ અન્તઃકરણ–ગોચરઃ, તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્'

લૌકિક બાબતમાં ભગવાનને સર્વસમર્પણ કર્યા પછી આ બધું ભગવાનનું જ છે તેમ દરેકમાં - દરેક પદાર્થમાં અનુસન્ધાન રાખીને ભગવાને આ પ્રસાદરૂપમાં મને આપ્યું છે એમ વિચારે જેટલું જે આવશ્યક હોય તેટલું જ લૌકિક સમ્બન્ધી કાર્ય કરવું પણ તેમાં વધુ પડતો ઉત્સાહ દાખવી પૈસો વગેરે વધારે વાપરવા નહીં. તેમજ ક્યારેક સ્વપ્ન દ્વારા યા ભગવદીયોના હૃદયમાં પ્રેરણા દ્વારા ભગવાનની જો કોઈ લૌકિક કાર્ય બાબતે આજ્ઞા થાય તો ભગવાન ક્યારેય લૌકિક આજ્ઞા કરતા નથી, તેથી તેવી આજ્ઞા ભગવાનની છે તેમ માનવું નહીં. (આજ્ઞા બાબતમાં ભગવાનનો શો અભિપ્રાય છે તેનો

વિચાર કરીને જે અભિપ્રાયમાં ન હોય તે ન કરવું)

(૭) સાતમો વિવેક – 'આપદ્ ગત્યાદિકાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા'

ભગવાનના સમ્બન્ધી કાર્યોમાં પણ દેવું કરીને પણ યા પ્રાણનાશનો ભય ઉઠાવીને પણ ગમે તે રીતે તે કાર્ય કરવું જ તેવી હઠ ત્યાગવી. અને વિશેષ પ્રયત્ન વિના સરલતાથી જે સમ્પન્ન થાય તેમાં સન્તોષ કરવો. તેમજ જ્યાં ભગવત્ કાર્યોમાં પણ હઠ કરવાની નથી ત્યાં પછી લૌકિક કાર્યોમાં તો હઠ કરવાની જ નથી એ નક્કી જ છે.

(૮) આઠમો વિવેક – 'અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્ર–દર્શનમ્'

ભગવત્સેવાને છોડીને પણ સ્મૃતિ-શ્રુતિમાં કહેવાયેલા યાગ-પ્રાયશ્ચિત-વગેરે ધર્મોનું આચરણ કરવું જ તેવો આગ્રહ ન રાખવો, પણ સેવામાં બાધા ન આવે તે રીતે તેનું આચરણ કરવું. લૌકિક ધર્મ કરતાં વૈદિક ધર્મ શ્રેષ્ઠ છે અને વૈદિક ધર્મ કરતાં ભગવદ્ધર્મ શ્રેષ્ઠ છે તેથી તેમ બલાબલને વિચારીને અનાગ્રહ સેવવો.

* * * * *

ગો.શ્રીગોપીશજીની વિવેકધૈર્યાશ્રય ઉપરની ટીકાના આધારે
ગો.શ્રીચન્દ્રગોપાલજીએ સ્વલિખિત ‘પુષ્ટિમાર્ગીય વિવેક’ પુસ્તકમાં
જણાવેલા

આઠ પ્રકારના વિવેકો

(૧) **પહેલો વિવેક**

જીવનના પ્રત્યેક પ્રસંગોને કે પરિસ્થિતિને દુઃખદ કે સુખદ રૂપમાં નહીં વિચારતાં ભગવાનની ઈચ્છારૂપમાં તેને સ્વીકારી લેવા.

(૨) **બીજો વિવેક**

આ સમ્પૂર્ણ વિશ્વ ભગવાનનું સામ્રાજ્ય છે તેથી ભગવાન જ રક્ષા કરશે અને તે જે કરશે તેમાં જ હિત હશે એમ માની અન્ય કોઈનો આશ્રય કરવો નહીં.

(૩) **ત્રીજો વિવેક**

પોતાનામાં અને વિશ્વના વ્યક્તિમાત્રમાં અને વસ્તુ માત્રમાં ભગવાનના સ્વામિપણાનો વિચાર રાખવો તથા ભગવાનના સર્વસમર્થ-પણામાં વિશ્વાસ રાખવો.

(૪) **ચોથો વિવેક**

ભગવાનને જે વખતે અને જે પ્રકારની આપણી સ્થિતિ અભીષ્ટ હોય તેને તે સમયે અને તે પ્રકારે પ્રસન્નતાપૂર્વક વધાવી લેવી અને તેમાં પણ ક્યારેય મનમાંથી આનન્દની ઊણપ ન થવા દેવી.

(૫) **પાંચમો વિવેક**

ભગવાન મારા સ્વામી છે અને હું મારા સ્વામી ભગવાનને આધીન છું તેના પ્રિયપણાએ સતત ભાવન વડે સન્તાનો (ઈર્ષ્યા, રાગ, દ્વેષ, અમર્ષ, ગ્લાનિ, ઉદ્વેગ વગેરે) સહિત અભિમાનનો અન્દર-બહાર સર્વપ્રકારે ત્યાગ કરવો.

(૬) **છઠ્ઠો વિવેક**

કોઈક વખત પોતાના મનમાં કોઈક બાબતે હા કે નાનો અવાજ અંદરથી ઊઠે, ત્યારે પણ ઉતાવળે તેમાં પ્રવૃત્તિ નહીં કરી પોતાના માર્ગદર્શક ગુરુથી માર્ગદર્શન મેળવવું અને તેમની સમ્મતિ-આજ્ઞા મુજબ કરવું.

(૭)**સાતમો વિવેક**

અલૌકિક -સેવા -ભક્તિ સમ્બન્ધી કાર્યો પણ મનમાં ક્લેશ ન થાય તે મુજબ કરવાં, આજ્ઞાનું પાલન પણ ક્લેશ ન થાય તે મુજબ જ કરવું, પરન્તુ અતિક્લેશ કરીને પણ કરવાની હઠવૃત્તિ સેવા-ભક્તિમાં બાધક હોઈ તેવી હઠનો સર્વથા ત્યાગ કરવો - તેવી હઠ કરીને ક્યારેય કંઈ પણ કરવું નહીં.

(૮) **આઠમો વિવેક**

આગ્રહ સાત્ત્વિક છે, અત્યાગ્રહ રાજસ્ છે, દુરાગ્રહ તામસ્ છે તેથી નિર્ગુણા ભક્તિની સિદ્ધિ અર્થે સર્વત્ર સર્વપ્રકારે આગ્રહને ત્યાગી જે વખતે જ્યાં અને જે પ્રથમ-આવશ્યક પ્રાપ્ત હોય તે કરવાની પદ્ધતિ રાખવી અને ભગવત્સેવા પણ બુદ્ધિના આગ્રહે નહીં, પણ દાસભાવે સ્વકર્તવ્યે કરવી.

* * *

આ આઠ વિવેકોની વિશેષ જિજ્ઞાસામાં ગો.શ્રીચન્દ્રગોપાલજી લિખિત અને શ્રીવલ્લભવિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડલ ટ્રસ્ટ પ્રકાશિત ‘પુષ્ટિમાર્ગીય વિવેક’ માંથી જોઈ જિજ્ઞાસા પોષવી.

શ્રીમદ્જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

વિવેકધૈર્યાશ્રય (સરળસાર)

લેખક : ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'ષોડશગ્રન્થો (સરળસાર)' માંથી ઉદ્ધૃત

વિવેકધૈર્યાશ્રય ગ્રન્થની રચના શ્રીવલ્લભાચાર્યજીએ કયા સમયે, કયા સ્થળે અને કોના માટે કરી છે તેનો ઈતિહાસમાંથી કોઈ ઉલ્લેખ મળતો નથી. આ ગ્રન્થમાં ભગવાનની સેવામાં ઉપયોગી થાય તે મુજબના પુષ્ટિમાર્ગીય વિવેક, ધૈર્ય અને આશ્રયનું નિરૂપણ આ ગ્રન્થમાં થયું છે. આ ગ્રન્થના કુલ સત્તર શ્લોકો છે.

સાધારણ રીતે **વિવેક** - એટલે બે વસ્તુને જુદા પાડવાની બુદ્ધિની શક્તિ, **ધૈર્ય** - એટલે કોઈ પણ પરિસ્થિતિમાં અડગ રહી શકવાની મનની શક્તિ, અને **આશ્રય** - એટલે આધાર (કોઈનો આધાર અથવા કોઈને આધારરૂપમાં સ્વીકારવાની ક્રિયા). આ વિવેક, ધૈર્ય અને આશ્રય એ પોતપોતાના માર્ગને અનુકૂલ અર્થમાં જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ એમ ત્રણે માર્ગોમાં ઉપયોગી આવશ્યક છે. તેવી જ રીતે પુષ્ટિભક્તિમાર્ગમાં પણ ભગવત્સેવાના નિર્વાહમાં ઉપયોગી પણ છે અને આવશ્યક પણ છે. પરન્તુ તે પુષ્ટિભક્તિમાર્ગના અનુકૂલ અર્થથી જ ઉપયોગી, આવશ્યક છે, જ્ઞાન-કર્મ કે વિહિતા ભક્તિમાર્ગમાં સ્વીકારાયેલા અર્થથી આ માર્ગમાં ઉપયોગી થતાં નથી. તેથી વૈષ્ણવો માટે તે ત્રણેનો આ માર્ગના અનુકૂલ અર્થ આ ગ્રન્થ દ્વારા જણાવ્યો છે.

પુષ્ટિમાર્ગીય વિવેક :

આ જગતમાં અત્યાર સુધીમાં જે કંઈ પણ થયું છે, થઈ રહ્યું છે અને જે થશે તે બધું જ ભગવાનની ઈચ્છાથી જ છે તેમજ તેમની ઈચ્છાથી વિરુદ્ધ યા કોઈ બીજાની (જીવની) ઈચ્છાને કારણે ક્યારેય ક્યાંય અને કંઈ પણ થયું નથી, થઈ રહ્યું નથી અને થઈ શકશે પણ નહીં. તેમજ હું પ્રભુનો નિત્ય દાસ છું અને પ્રભુ મારા નિત્ય સ્વામી છે. બુદ્ધિનો આ વિચાર મુખ્ય વિવેક છે. આ વિવેકના આધાર પર અન્યાશ્રયમાં પ્રવૃત્ત કરાવતી બુદ્ધિમાં રહેલી પાંચ વૃત્તિઓને એક નિશ્ચિત વિચારની ભૂમિકા પર બુદ્ધિમાંથી દૂર કરવાથી આશ્રયભાવનો સારી રીતે નિર્વાહ થઈ શકે છે. તે આ મુજબ છે.

બુદ્ધિમાં રહેલી વૃત્તિઓ અને તેને દૂર કરવાનો વિચાર

૧. **પ્રાર્થનાવૃત્તિ** - સ્વામી શું આપવા માંગે છે તે અભિપ્રાય જાણ્યા વિના ભગવાનના અભિપ્રાયથી વિપરીતની પ્રાર્થના ન કરવી. તેમજ માંગવાથી જ ભગવાન આપે છે, અથવા ન માંગવાથી નહીં આપશે, અથવા માંગીશું તે મુજબ આપશે જ એમ નથી, તેથી પણ પ્રાર્થના કરવી વ્યર્થ છે.

૨. **અભિમાનવૃત્તિ** - હું -જીવ ભગવાનનો અંશ છું અને ભગવાન મારા અંશી છે, તેથી હું સદાકાળ ભગવાનનો દાસ જ છું અને સદાકાળ ભગવાન મારા સ્વામી છે, તેથી હું જે પણ છું તથા જે પણ મારી પાસે છે કે જે પણ મને મળે છે તે બધું જ માત્ર ભગવાન થકી જ ભગવાનના જ પ્રભાવે મળે છે, તે વિના હું કે મારી કોઈ વિસાત જ નથી તેમજ હું મારા સ્વામીને આધીન છું તેથી અભિમાન કરવા જેવું કંઈ છે જ નહીં.

૩. **પોતાના દેહ સંબન્ધે અથવા લૌકિકમાં વિવાહ-ઉપનયન - સમારંભો વગેરેમાં વિશેષ ઉત્સાહવાળી વૃત્તિ** - મારી પાસે જે કંઈ પણ છે તે ભગવાનનું છે અને તે ભગવાને પોતાની સેવા અર્થે મને આપ્યું છે, તેથી લોકમાં અને વેદમાં જેટલું જરૂરી મનાયું છે તેટલું જ કરવું અને તેમાં દાન વગેરેનો પણ તેટલો જ વ્યય કરવો, પણ તે જરૂરિયાતથી વધુનો દેહ સુખ માટે કે પછી પોતાના સમ્બન્ધીઓના સુખાર્થે કે પછી પોતાના નામ-પ્રતિષ્ઠાને માટે વધુ ધનનો વ્યય કરવો તે ભગવાનનું - ભગવાનની સેવા માટેનું દ્રવ્ય હોય તેને પોતાનામાં વાપરવાથી દોષ થાય, તેથી તેમ ન કરવું, પોતાનો દેહ કે પતિપુત્રાદિ એ પણ ભગવાનના-સેવા માટે જ છે તેથી

સેવામાં નડતર ન થાય અને સેવામાં અનુકૂળતા જળવાઇ રહે તેટલા પૂરતો તે માટેનો ઉપયોગ દોષરૂપ નથી.

તેવી જ રીતે અલૌકિક-સેવાનાં કાર્યોમાં પણ પોતાની સ્વચ્છન્દ મનોવૃત્તિથી ન કરવું, પણ ગુરુની આજ્ઞા અથવા ભગવાનની આજ્ઞા મુજબ જ કરવું.

૪. **હઠવૃત્તિ -** ભગવાનની કે ગુરુની આજ્ઞા પાલન કરવાનો આગ્રહ રાખવો પણ તેમાં આપત્તિની દશામાં હઠ ન કરવી. ભગવાન મારાથી જે કરાવવા માંગે છે તે વસ્તુ સરળતા-સુગમતાથી ભગવાન જ ઉપલબ્ધ કરાવી દે છે તેમાં અત્યધિક -પ્રયત્નોની કોઇ આવશ્યકતા નથી, તેથી દેવું કરીને પણ આજ્ઞાપાલન કરવું કે સેવાનાં કાર્યો સમ્પન્ન કરવાં કે પછી જે કરવું પોતાને માટે અશક્ય હોય તેવું મરીને પણ કરવું એ બરાબર નથી. એમ કરવાથી તો વાસ્તવમાં સેવા પણ સમ્પન્ન નહીં થાય, કારણ કે સેવાથી સ્વામીને સંતોષ થવો જોઇએ અને ક્લેશપૂર્વક કરવાથી સ્વામીને પ્રસન્નતા નથી થતી, તેથી સેવા પણ નથી નિભતી અને વધુમાં સેવોપયોગી દેહ-દ્રવ્ય વગેરેનો પણ નાશ થાય છે.

૫. **આગ્રહવૃત્તિ -** ભગવદ્ધર્મના કે વૈદિક ધર્મના આચરણનો આગ્રહ હોવો જોઇએ, પણ તેમાં જડતા ન હોવી જોઇએ. લૌકિક ધર્મ કરતાં વૈદિક ધર્મ બળવાન છે. અને વૈદિક ધર્મ કરતાં ભગવદ્ધર્મ વધુ બળવાન છે, તેથી વૈદિક અને ભગવદ્ધર્મ (સેવા) ને બાધા ન થાય તે મુજબ જે લૌકિક ધર્મ પ્રાપ્ત થાય તે આચરવા અને ભગવદ્ધર્મ (સેવા-સમર્પણ વગેરે) ને બાધા ન થાય તે મુજબ વૈદિક ધર્મનું આચરણ કરવું. તેમજ તેમાં પણ એટલો વિવેક રાખવો કે ભગવદ્ધર્મમાં બાધા ન થતી હોય તેવી બાબતમાં વેદમાં આચરણ કરવાનું જણાવ્યું હોય તેના પાલનનો તો આગ્રહ રાખવો જ. તેવી જ રીતે ભગવદ્ધર્મનો આગ્રહ રાખીને પણ જો વેદમાં નિષિદ્ધ બાબત ભગવદ્ધર્મના આચરણમાં વચ્ચે (જેમ કે સૂતક-વૃદ્ધિ-રજસ્વલા સ્પર્શાસ્પર્શ વગેરે) આવતી હોય તો તે વખતે ભગવદ્ધર્મને તેટલા પૂરતું ન કરીને પણ નિષિદ્ધ આચરણ તો ન જ કરવું અને આપત્તિ દૂર થતાં પાછા આગ્રહનું સેવન કરવું.

પુષ્ટિમાર્ગીય ધૈર્ય

ત્રણે પ્રકારના (આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક તથા કાયિક, વાચિક, માનસિક તથા કાલ, કર્મ, સ્વભાવ થકી પ્રાપ્ત થનાર) જે પણ દુ:ખો આવી પડે તેને તે રૂપમાં જ સ્વીકારી લઇ તેને દૂર કરવાના પ્રયત્નો નહીં કરી મરણ પર્યન્ત સહન કરવા એ ધૈર્ય છે.

આ ધૈર્ય મન-બુદ્ધિનો વિષય છે તેથી પોતાના મન-બુદ્ધિમાં રહેલી વૃત્તિઓમાં આશ્રય સિદ્ધ થાય તેવા ભાવ-વિચારથી ધૈર્ય ધારણ કરવાથી આશ્રય સિદ્ધ થાય છે અને મનમાં રહેલો આશ્રયભાવ વધુ દૃઢ થાય છે. એ પાંચ ભાવ-વિચાર આ મુજબ છે.

૧. આવી પડેલાં દુ:ખોને પ્રતિકાર કર્યા વિના સહન કરવાં,

૨. દુ:ખો એની મેળે ટળી જતાં હોય તો સહન કરવાનો દુરાગ્રહ પણ ન રાખવો.

૩. ઇન્દ્રિયોના વિષયોને પોતાના તરફે ત્યાગવા.

૪. પોતાનામાં અસમર્થપણાનું ભાવન કરવું અને

૫. સર્વ પ્રકારે ધૈર્ય ધારણ કરવામાં અશક્યતા જ દેખાય ત્યારે પણ શ્રીહરિના સામર્થ્યનું અને શરણનું જ ભાવન કરવું.

સહન કરવું - રોગ થવો, પડવું - વાગવું, શરીરના અંગોમાં પીડા થવી વગેરે, શરીરથી ઉત્પન્ન થનારાં દુ:ખો આધિભૌતિક દુ:ખો છે, કામ-ક્રોધ-લોભ વગેરે અન્ત:કરણથી ઉત્પન્ન થઇ દુ:ખ આપનારાં આધ્યાત્મિક દુ:ખો છે અને ભગવાનની સેવામાં સહકારી વ્યક્તિનો અભાવ કે સેવા માટે જરૂરી વસ્તુઓનો અભાવ હોવો અથવા ભગવત્ સેવા - ભગવતત્ત સમ્બન્ધના પ્રયત્નો સફળ ન થવા વગેરે, એથી ઉત્પન્ન થનાર દુ:ખ એ આધિદૈવિક દુ:ખ છે. આ દુ:ખોના

અવસરે ધૈર્યના અભાવમાં મન નબળું પડી દુઃખોને દૂર કરવા જે રસ્તે અને જેનાથી દુઃખ દૂર થઈ શકે તેનો આશ્રય કરી લેવાની મનોવૃત્તિ ઘડાય છે અને પરિણામે મનુષ્ય કૃષ્ણથી બીજાનો આશ્રય કરવા પ્રેરાય છે. કૃષ્ણથી બીજા એટલે ફક્ત દેવી દેવતાઓ જ નહીં પણ ડોક્ટર, સરકારી ઓફિસર, રાજકીય નેતા, પરિવારજનો, મિત્રો, સગા સંબન્ધિઓ, પૈસો, આધુનિક યંત્રો, મંત્ર-તંત્ર, યોગ વગેરે ઉપાયો, પોતાની જાત આ બધાનો પણ કૃષ્ણથી અન્ય બીજામાં સમાવેશ માનવો. જ્યાં સુધી સહન થઈ શકે છે ત્યાં સુધી દુઃખ દૂર કરવા અન્યાશ્રય કરવા કોઈ પ્રેરાતું નથી. તેથી દુઃખોને દૂર કરવાની જે આપણામાં મનોવૃત્તિ બનેલી છે એને સહનશીલતાથી દૂર કરવી.

દુરાગ્રહનો અભાવ - આ પ્રકારે સહન કરવાની વાતથી એમ નહીં માની લેવું કે આશ્રયસિદ્ધિ માટે ન હોય, તો પણ પેટ ચોળી શૂળ ઊભું કરવું. સુખની સ્પૃહા અને દુઃખની નિવૃત્તિ આ બંને આશ્રય વિરોધી છે તેથી બંને ત્યાગવાના છે. તેથી દુઃખ માટેનો પણ દુરાગ્રહ હાનિકર જ છે. તેથી પોતાની મેળે આવેલું દુઃખ ટળી જતું હોય અથવા દુઃખ આવ્યું જ ન હોય તો દુઃખની કામના અને દુઃખ મેળવવાનો પ્રયાસ એ પણ એક પ્રકારે અન્યાશ્રય જ છે. તેથી આપણને ભગવાન જે વખતે જે સ્થિતિમાં રાખે તેને તે રૂપમાં જ મનથી ગમા-અણગમા વિના સ્વીકારી લેવી એમ ભગવાનને આધીનપણાનો ભાવ જ આશ્રય છે. તેથી દુઃખ માટે દુરાગ્રહ પણ નહીં રાખવો.

ઈન્દ્રિયોના વિષયોનો પોતાના તરફ ત્યાગ - મનમાં રહેલી સુખભોગની વૃત્તિ થકી સુખ માટે મન ઈન્દ્રિયો વડે તેના-તેના (શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ) વિષયોનો સંબન્ધ કરે છે. આ ભોગવૃત્તિ સેવામાં પણ પ્રતિબન્ધ કરનાર છે અને ભોગવૃત્તિથી ભોગને અર્થે કૃષ્ણાશ્રય છોડી બીજાનો આશ્રય કરવા પ્રેરાય છે. તેમજ ભોગવૃત્તિથી અને ભોગ કરવાથી ધૈર્યની તાકાત પણ ઘટે છે, તેથી ઈન્દ્રિયોની વિષયભોગ માટેની જે પ્રવૃત્તિ છે - જે કાર્ય છે તેને ત્યાગવા અને તે પણ કાયા-વાણી અને મન ત્રણેથી ત્યાગવા. શરીરથી પોતે પ્રયત્ન કરીને ભોગપ્રવૃત્તિનાં કાર્યો ન કરવાં, તેવા ભોગ કાર્યોનું વાણીથી પણ ભૂત-ભવિષ્ય કે વર્તમાનના રૂપમાં પણ ઉચ્ચારણ ન કરવું અને ભોગ વિષયનું કે ભોગ પદાર્થોનું

પોતાના અર્થે મનથી પણ ચિન્તન ન કરવું.

પોતાનામાં અસમર્થપણાનું ભાવન

કોઈક વ્યક્તિ મનનો ઢીલો હોય અને રોકવાનો પ્રયત્ન કરવા છતાં પણ મન ચલાયમાન થઈ જ જતું હોય ત્યારે પણ પોતે પોતાનો સ્વભાવ અને ઈન્દ્રિયોને જીતવા અસમર્થ છે તેવી દશામાં મન તો ઘણું બધું કહે અને પોતે અતિલૌકિક ચિત્ત હોવાથી મન લૌકિકમાં જ ઈન્દ્રિયોને અને શરીરને પ્રેરે, પણ જો મનના કહેવામાં આવીને પ્રેરાઈ જવાય અને મનના કહ્યા મુજબ કાર્ય કરી નાંખવામાં આવે તો મનના કહેવામાં આવી જઈ વિશ્વામિત્ર ઋષિની છત્રીસ હાજર વર્ષની તપશ્ચર્યાનો નાશ થઈ ગયો, તો હું તો ઘણો જ તુચ્છ છું, તે જે કંઈ પણ ભગવત્ કૃપાએ સાધનાથી મળેલી એક બે વસ્તુઓનો પણ નાશ થઈ જશે તો પછી બચશે જ શું એમ બુદ્ધિથી વિચારી પોતાની અસમર્થતાનું ભાવન કરી મનમાં આવવા છતાં પણ કાયા અને વાણીથી ઈન્દ્રિયોના ભોગને તો સર્વથા ત્યાગવા જ.

અશક્યમાં પણ શ્રીહરિના સામર્થ્ય અને શરણનું ભાવન કરવું -

મનમાં પ્રબળતાથી ઘર કરી રહેલા ભોગવૃત્તિના વિકારો મનમાં સીમિત ન રહીને બળપૂર્વક વાણી અને શરીરને વિષયભોગના કાર્યોમાં ઢસડી જાય અને વિષયભોગના કાર્યોથી બચવામાં પોતે દરેક રીતે નબળો જ પુરવાર થાય ત્યારે પણ મનની નબળાશ દૂર કરવા મંત્ર જાપ, અનુષ્ઠાનો, યંત્ર-તંત્ર વગેરે, યોગના ધ્યાન વગેરે પ્રકારો, કે પછી તે માટે વૈદ્ય-ડોક્ટરોના ઉપચારો વગેરેમાં નહીં પડી કેવળ ભગવાન જ મારા સર્વ પ્રકારે રક્ષણ કરનારા છે તેમ ભગવાનનો આશ્રય જ બુદ્ધિમાં ધારણ કરવો, પણ તે માટે ઉપર જણાવેલા કે તે સિવાયના બીજા કોઈ ઉપાયો કરવા પણ નહીં અને વિચારવા પણ નહીં અને તેવી સલાહ આપનારાઓથી પણ સર્વથા બચતા રહેવું.

પુષ્ટિમાર્ગીય આશ્રય

આ પ્રકારે ધૈર્યને જણાવીને ગ્રન્થમાં આશ્રયનું નિરૂપણ કરવામાં આવ્યું

છે. આધાર અને સેવન એમ બે અર્થમાં આશ્રય શબ્દ પ્રયોજાય છે, તેમાંથી અહીં આ ગ્રન્થમાં આશ્રય એટલે શું ? તો ચિત્તની ભગવાનમાં પ્રવણતારૂપ ભગવત્સેવાના અર્થમાં અહીં આશ્રય કહેવાયો છે. અને તે **'આ લોક અને પરલોક બાબતમાં'** વગેરે વાક્યોથી જણાવ્યું છે.

આશ્રયભાવને દૃઢ-બલવત્તર બનાવવા કેટલાક ઉપાયો શ્રીમહાપ્રભુએ આ ગ્રન્થમાં સૂચવ્યા છે જે આ મુજબ છે -

૧. મન-વાણી અને શરીરથી થનારાં સર્વ કાર્યોમાં એક માત્ર ભગવાનના જ શરણનું ચિત્તમાં ભાવન કરવું.

૨. તેમજ જ્યારે-ત્યારે વાણીનો પ્રયોગ કરતી વખતે પણ જેનાથી એકમાત્ર ભગવદ્ આશ્રય જ અભિવ્યક્ત થાય તે મુજબ વાણી ઉચ્ચારવી.

૩. શ્રીકૃષ્ણથી ઈતર અન્ય કોઈમાં પણ આરાધ્યબુદ્ધિ કરવી નહીં તેમજ તેમનું કોઈ પણ પ્રકારે ભજન કરવું નહીં.

૪. સ્વતઃ પોતાની ઈચ્છાથી કે પછી કોઈ બીજાના કાર્ય અર્થે પણ કૃષ્ણ સ્થળ સિવાયના બીજાના સ્થળમાં જવું નહીં.

૫. તેમ છતાં પણ જો કોઈ કાર્યાર્થે બીજે જતા હોય અને માર્ગમાં સમીપમાં તેમના સ્થળ આવે તો તે વખતે તેમના પ્રત્યે તિરસ્કાર રાખી તેમની અવજ્ઞા થાય તેમ પણ ન કરવું અને તે વખતે ઈતર સર્વ દેવો ભગવાનના સેવકો છે અને વિશેષ કાર્ય કરવા અર્થે વિભૂતિરૂપે ભગવાને જ તેમને સ્થાપ્યા છે અને તેઓ ભગવાનના અવયવરૂપ છે તેમ મનમાં વિચારવું.

૬. પોતાના દાસધર્મને વિરોધ ન આવતો હોય તેવી ભગવત્સંબન્ધી બાબતોમાં ચિત્તમાં વ્યામૂઢતા વ્યાપવાથી તેવા જ કાર્યને લઈને ક્યારેક ભગવાનને પ્રાર્થના કરવામાં આવે, તેમ છતાં પણ તેવી કે કોઈ પણ પ્રકારના કાર્યની બાબતમાં ભગવાન શ્રીકૃષ્ણથી ઈતર અન્ય કોઈને પણ પ્રાર્થના કરવી નહીં.

૭. પરમગુરુવર્ય શ્રીવલ્લભાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીની વાણીમાં કે પછી ગીતા-ભાગવત વગેરે ભગવત્ શાસ્ત્રોમાં કહેવાયેલ પ્રભુ શ્રીકૃષ્ણની વાણીમાં કે પછી પ્રભુ શ્રીકૃષ્ણના આશ્રયની બાબતમાં આશ્રયભાવનો નાશ કરનાર અવિશ્વાસ સર્વથા કરવો નહીં.

૮. કૃષ્ણથી ઈતર આ લોક કે પરલોક સમ્બન્ધી કોઈ પણ બાબત કે કોઈ પણ વસ્તુમાં જરા અમથો પણ મોહ-મમતા રાખ્યા વિના ભગવાનની ઈચ્છાથી પોતાને જે સુખ-દુઃખ રૂપે મળે તેને તેમાં મમતા કે મહત્તા રાખ્યા વિના મમતારહિત મને તેને ભોગવી લેવા અને સુખ-દુઃખને પણ પોતાના પરમપ્રિય પ્રભુએ જ આપેલા છે તેમ માનવું પણ સુખ-દુઃખ સાથે પોતાના મનનો સંબંધ થવા દેવો નહીં.

૯. ભગવાનની સેવા વિષયના અલૌકિક કાર્યો અર્થે કે પછી લૌકિક - સાંસારિક કાર્યો અર્થે પણ જે પોતાને મળેલા છે - પોતાની પાસે જે છે તે સાધનોથી જ તે કાર્યોનું સમ્પાદન કરવું પણ તે કાર્યોની પૂર્તિ માટે દ્રવ્ય વગેરે સાધનો પૂરતા નથી તેથી તે માટે દેવું કરવું, બીજા પાસેથી માંગવું, બીજાને રાજી કરવા, વગેરે કંઈ પણ કરવું નહીં અને જે છે તેનાથી જ તે કાર્યો કરવાં.

* * *

વિવેકધૈર્યાશ્રય

વિવેક–ધૈર્યે સતતં રક્ષણીયે તથાડડશ્રયઃ ।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૧ ॥

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ॥ ૨ ॥

અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ।
વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદન્તઃકરણગોચરઃ ॥ ૩ ॥

તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્ ।
આપદ્ગત્યાદિ કાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ॥ ૪ ॥

અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્ ।
વિવેકોડયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરૂપ્યતે ॥ ૫ ॥

ત્રિદુઃખ સહનં ધૈર્યં આમૃતેઃ સર્વતઃ સદા ।
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્–ગોપભાર્યવત્ ॥ ૬ ॥

પ્રતીકારો યદચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।
ભાર્યાદીનાં તથાન્યેષાં અસતશ્ચાક્રમં સહેત્ ॥ ૭ ॥

સ્વયમિન્દ્રિય કાર્યાણિ કાયવાઙ્મનસા ત્યજેત્ ।
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાત્ ॥ ૮ ॥

અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ ।
એતત્ સહનમત્રોક્તં આશ્રયોડતો નિરૂપ્યતે ॥ ૯ ॥

ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।
દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ॥ ૧૦ ॥

ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ।
અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ॥ ૧૧ ॥

અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે ।
પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ॥ ૧૨ ॥

અલૌકિકમનઃ સિદ્ધૌ સર્વાર્થે શરણં હરિઃ ।
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્ ॥ ૧૩ ॥

અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ ।
પ્રાર્થનાઃ કાર્યમાત્રેપિ તથાન્યત્ર વિવર્જયેત્ ॥ ૧૪ ॥

અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ॥ ૧૫ ॥

યથાકથંચિત્કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ ।
કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ધરિમ્ ॥ ૧૬ ॥

એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્ ।
કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ॥ ૧૭ ॥

ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિતો વિવેકધૈર્યાશ્રયઃ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

વિવેકધૈર્યાશ્રય

(અન્વય-ભાવાર્થ સહિત)

વિવેક–ધૈર્યે સતતં રક્ષણીયે તથાઽઽશ્રયઃ ।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૧ ॥

અન્વય : **વિવેક–ધૈર્યે** – વિવેક અને ધૈર્ય, **સતતમ્** – નિરન્તર, **રક્ષણીયે** – રક્ષણ કરવું આવશ્યક છે, **તથા** – તેવી જ રીતે, **આશ્રયઃ** – આશ્રય (નું રક્ષણ કરવું આવશ્યક છે), **તુ** – અને (તેમાં), **હરિઃ** – પ્રભુ શ્રીકૃષ્ણ, **સર્વમ્** – બધું જ, **નિજ** – પોતાની, **ઈચ્છાતઃ** – ઈચ્છાથી, **કરિષ્યતિ** – કરશે, **વિવેકઃ** – (એ) વિવેક છે ॥ ૧ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (જે પ્રકારે આશ્રય સિદ્ધ થાય તે પ્રકારે) વિવેક અને ધૈર્યનું (વિવેક-ધૈર્યનો નાશ કરનારાં કારણોના નિવારણપૂર્વક તે બેનું પોષણ થાય તે પ્રકારે) રક્ષણ કરવું આવશ્યક છે, તે મુજબ આશ્રયનું રક્ષણ પણ આવશ્યક છે. તેમાં (વિવેક-ધૈર્ય-આશ્રય પૈકી) શ્રીકૃષ્ણ જ સર્વ છે અને તે 'શ્રીકૃષ્ણ (જે કરશે તે) બધું જ પોતાની ઈચ્છાથી જ કરશે' એ વિવેક છે ॥ ૧ ॥

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ॥ ૨ ॥

અન્વય : **સ્વામ્યભિપ્રાયસંશયાત્** – સ્વામિના અભિપ્રાયમાં (નહીં જાણી શકવાથી તેમાં) સંશય રહેવાથી, **પ્રાર્થિતે** – પ્રાર્થના કરીને, **વા** – પણ, **તતઃ** – તેનાથી, **કિમ્** – શું, **સ્યાત્** – થાય, **હિ** – નિશ્ચિતરૂપે, **સર્વત્ર** – બધે જ, **ચ** – અને, **સર્વમ્** – બધું જ, **તસ્ય** – તેનું, **એવ** – જ, **સર્વસામર્થ્યમ્** – સર્વ પ્રકારનું સામર્થ્ય છે ॥ ૨ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – સ્વામિના અભિપ્રાયમાં (સ્વામિનો શો અભિપ્રાય છે તે નહીં જાણી શકવાથી તેમાં) સંશય રહેવાથી પ્રાર્થના કરીને પણ તેનાથી શું થશે ? નિશ્ચિતરૂપે (આ જે કંઈ પણ છે તે તેમની ક્રીડા અર્થે હોવાથી) બધે જ અને બધું જ તેનું જ સર્વપ્રકારનું સામર્થ્ય છે ॥ ૨ ॥

અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ।
વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદન્તઃકરણગોચરઃ ॥ ૩ ॥
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્ । ૩ $^{૧}/_{૨}$ ॥

અન્વય : **સ્વામી** – (પોતાનામાં) સ્વામી શ્રીકૃષ્ણને, **અધીનત્વ** – અધીનપણાની, **ભાવનાત્** – ભાવના રાખીને, **અભિમાન** – (હું આવો છું - હું આવા કુલમાં ઉત્પન્ન થયો છું- આવાઓ દ્વારા હું પ્રશંસાને પ્રાપ્ત છું વગેરે પ્રકારે અનુસંધાન થવારૂપ) અભિમાન- ચિત્તની દરેક પ્રકારે સમુન્નતિ, **ચ** – તો (અને તે ગર્વ જેનાંથી થાય છે તે સાધનોનો), **સન્ત્યાજ્યઃ** – સર્વ પ્રકારે ત્યાગ કરવો આવશ્યક છે. (ગુરુ શ્રીઆચાર્યચરણની સેવા વિષયિણી આજ્ઞાથી) **વિશેષતઃ** – વિશેષ-અધિક પ્રકારની, **ચેત્** – જો, **આજ્ઞા** – (ભગવાનની) આજ્ઞા, **દૈહિકાત્** – દેહથી (દેહ વગેરે લૌકિક સમ્બન્ધથી), **ભિન્નમ્** – અલગ પ્રકારની, **અન્તઃકરણગોચરઃ** – (ભગવાનના) અભિપ્રાય મુજબની (પરીક્ષા વગેરે માટે નહીં, પણ તે મુજબ કરવાનો જેમાં ભગવાનનો અભિપ્રાય રહેલો હોય તેવી) **સ્યાત્** – થાય, **તદા** – ત્યારે, **તુ** – તો, **વિશેષગત્યાદિ** – વિશેષ ગતિ વગેરે, **ભાવ્યમ્** – કરવું ॥ ૩ $^{૧}/_{૨}$ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (પોતાનામાં) સ્વામી શ્રીકૃષ્ણને અધીનપણાની ભાવના રાખીને, (હું આવો છું, હું આવા કુલમાં ઉત્પન્ન થયો

છું, આવાઓ દ્વારા હું પ્રશંસાને પ્રાપ્ત છું વગેરે પ્રકારે અનુસંધાન થવારૂપ) અભિમાનનો -ચિત્તની દરેક પ્રકારે સમુન્નતિનો તો (અને તે ગર્વ જેનાથી થાય છે તે સાધનોનો) સર્વ પ્રકારે ત્યાગ કરવો આવશ્યક છે. (ગુરુ - શ્રીઆચાર્યચરણની સેવા વિષયિણી આજ્ઞાથી) વિશેષ-અધિક પ્રકારની જો (ભગવાનની) આજ્ઞા દેહથી (દેહ વગેરે લૌકિક સમ્બન્ધથી) અલગ પ્રકારની (ભગવાનના) અભિપ્રાય મુજબની (પરીક્ષા વગેરે માટે નહીં, પણ તે મુજબ કરવાનો જેમાં ભગવાનનો અભિપ્રાય રહેલો હોય તેવી) થાય, ત્યારે તો વિશેષ ગતિ વગેરે કરવું ॥ ૩ $^{૧}/_{૨}$॥

આપદ્ગત્યાદિકાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ॥ ૪ ॥
અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્ ।
વિવેકોડયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરૂપ્યતે ॥ ૫ ॥

અન્વય – **આપદ્ગત્યાદિ –** આપત્તિ વગેરે આવી પડે તેવા (પૂર્વમાં કહેવાયેલ વિશેષ આજ્ઞાનું પાલન કરવામાં દેવું કરવું પડે યા મરણનો ભય વગેરે આવી પડે તેવાં), **કાર્યેષુ –** કાર્યોમાં, **હઠઃ –** હઠ (આગ્રહ), **ચ –** પણ, **સર્વથા –** સર્વ પ્રકારે, **ત્યાજ્યઃ –** ત્યાગવી ॥ ૪ ॥ **સર્વત્ર –** (લૌકિક) સર્વ કાર્યોમાં, **અનાગ્રહઃ –** (કોઈ પણ પ્રકારના વિશેષ પ્રયત્ન વિના) આગ્રહરહિત રહેવું, **ચ –** અને (પ્રયત્ન વિના પણ જો તેવાં કાર્યો આપમેળે સિદ્ધ થઈ જતાં હોય યા વિશેષ પ્રયત્ન વિના જ સાધારણ પ્રયત્ને સિદ્ધ થઈ જતાં હોય તો તેમાં પણ કોઈ એક વાતનો આગ્રહ ન રાખવો અને), **ધર્માધર્માગ્રદર્શનમ્ –** (વૈદિક કાર્યોમાં પણ) ધર્મ=વિહિત, અધર્મ = નિષિદ્ધનું પણ પરિણામ વિચારવું (પુરાણ-સ્મૃતિ અને વેદશ્રુતિમાં કહેવાયેલા ધર્મો ઉત્તરોત્તર બળવાન છે, શરીર સંબન્ધે - આત્મા સમ્બન્ધે - ભગવત્ સમ્બન્ધે રહેલા ધર્મો ઉત્તરોત્તર બળવાન છે, ધર્મ એટલે તે-તે જણાવ્યા મુજબનું આચરણ કરવું અને અધર્મ એટલે તે જણાવ્યાથી વિરુદ્ધનું આચરણ કરવું), **અયમ્ –** આ, **વિવેકઃ –** (પુષ્ટિમાર્ગીય) વિવેક, **સમ્ –(સમ્યક્તયા) –** સારી રીતે (વિવેકની રક્ષા જે રીતે થાય તે પ્રકારના ઉપદેશપૂર્વક), **આખ્યાતઃ** કહ્યો, **તુ –** (વિવેકના નિરૂપણના પછી)હવે, **ધૈર્યમ્ –** ધૈર્યને, **નિરૂપ્યતે –** નિરૂપવામાં - કહેવામાં આવે છે ॥ ૫ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – આપત્તિ વગેરે આવી પડે તેવાં (પૂર્વમાં કહેવાયેલ વિશેષ આજ્ઞાનું પાલન કરવામાં દેવું કરવું પડે યા મરણનો ભય વગેરે આવી પડે તેવા) કાર્યોમાં હઠ (આગ્રહ) પણ સર્વ પ્રકારે ત્યાગવી ॥ ૪ ॥ (લૌકિક) સર્વ કાર્યોમાં (કોઈ પણ પ્રકારના વિશેષ પ્રયત્ન વિના) આગ્રહરહિત રહેવું અને (પ્રયત્ન વિના પણ જો તેવાં કાર્યો આપમેળે સિદ્ધ થઈ જતાં હોય યા વિશેષ પ્રયત્ન વિના જ સાધારણ પ્રયત્ને સિદ્ધ થઈ જતાં હોય તો તેમાં પણ કોઈ એક વાતનો આગ્રહ ન રાખવો અને) (વૈદિક કાર્યોમાં પણ) ધર્મ = વિહિત, અધર્મ = નિષિદ્ધનું પણ પરિણામ વિચારવું (પુરાણ-સ્મૃતિ અને વેદશ્રુતિમાં કહેવાયેલા ધર્મો ઉત્તરોત્તર બળવાન છે, શરીર સમ્બન્ધે-આત્મ સમ્બન્ધે - ભગવત્ સમ્બન્ધે રહેલા ધર્મો ઉત્તરોત્તર બળવાન છે, ધર્મ એટલે તે-તે જણાવ્યા મુજબનું આચરણ કરવું અને અધર્મ એટલે તે જણાવ્યાથી વિરુદ્ધનું આચરણ કરવું). આ (પુષ્ટિમાર્ગીય) વિવેક સારી રીતે (વિવેકની રક્ષા જે રીતે થાય તે પ્રકારના ઉપદેશપૂર્વક) કહ્યો. (વિવેકના નિરૂપણના પછી) હવે ધૈર્યને નિરૂપવામાં - કહેવામાં આવે છે ॥ ૫ ॥

ત્રિદુઃખ સહનં ધૈર્યં આમૃતેઃ સર્વતઃ સદા ।
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્–ગોપભાર્યવત્ ॥ ૬ ॥

અન્વય – **આમૃતેઃ –** (જીવનભર) મરણ પર્યન્ત, **સર્વતઃ –** સર્વ પ્રકારે, **સદા –** (ક્યારેક-કયારેક નહીં પણ) નિરન્તર, **ત્રિદુઃખસહનમ્ –** ત્રણે પ્રકારના (૧) આધિભૌતિક - આધ્યાત્મિક-આધિદૈવિક (૨) કાયિક - વાચિક - માનસિક (૩) કાલજ - કર્મજ - સ્વભાવજ) દુઃખોને સહન કરવા (તેનો પ્રતીકાર કર્યા વિના જ તેનો અનુભવ કરવો), **ધૈર્યમ્ –** (એ) ધૈર્ય છે.

(તે દુઃખોને સહન કરવામાં-ધૈર્યના રક્ષણને માટે), **તક્રવદ્ –** છાશની માફક, **દેહવત્ –** દેહની માફક, **જડવત્ –** જડભરતજીની માફક, **ગોપભાર્યવત્ –** ગોપ-ગ્વાલની પત્નીની માફક, **ભાવ્યમ્ –** ભાવના કરવી - ચિત્તમાં અનુસન્ધાન કરવું ॥ ૬ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (જીવનભર) મરણ પર્યન્ત સર્વ પ્રકારે (ક્યારેક - ક્યારેક નહીં પણ) નિરન્તર ત્રણે પ્રકારના (૧) આધિભૌતિક-આધ્યાત્મિક-આધિદૈવિક, (૨) કાયિક-વાચિક-માનસિક, (૩) કાલજ-કર્મજ-સ્વભાવજ) દુઃખોને સહન કરવાં (તેનો પ્રતીકાર કર્યા વિના જ તેનો અનુભવ કરવો) (એ) ધૈર્ય છે. (તે દુઃખોને સહન કરવામાં - ધૈર્યના રક્ષણને માટે) છાશની માફક, દેહની માફક, જડભરતજીની માફક, ગોપ-ગ્વાલની પત્નીની માફક ભાવના કરવી- ચિત્તમાં અનુસન્ધાન કરવું ॥ ૬ ॥

પ્રતીકારો યદચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।
ભાર્યાદીનાં તથાન્યેષાં અસતશ્ચાક્રમં સહેત્ ॥ ૭ ॥

અન્વય – યદચ્છાતઃ – ભગવદિચ્છાએ (પોતાના ઉપાય વિના જ) અનાયાસ, **ચેત્** - જો, **પ્રતીકારઃ –** પ્રતીકાર, **સિદ્ધઃ –** સિદ્ધ થઈ જતો હોય (ત્યારે દુઃખ સહન કરવાના), **આગ્રહી –** આગ્રહવાળા, **ન –** નહીં, **ભવેત્ –** થવું, **ભાર્યાદીનામ્ –** પત્ની-પુત્ર વગેરેના (પોતાના વડે જેમનું નિયમન-પોષણ કરવા યોગ્ય છે તેવાઓના) **તથા –** તેમજ, **અન્યેષામ્ –** (તેવા) બીજાઓના, **ચ –** અને, (પોતાના સેવકો, શિષ્યો, ભક્તો વગેરે અને) **અસતઃ** - અસત્-દુષ્ટ પુરુષોના, **આક્રમમ્ –** (લાત મારવી વગેરે પર્યન્ત રૂપના) તિરસ્કારને, **સહેત્ –** સહન કરવા ॥ ૭ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – ભગવદિચ્છાએ (પોતાના ઉપાય વિના જ) જો પ્રતીકાર સિદ્ધ થઈ જતો હોય (ત્યારે દુઃખ સહન કરવાના) આગ્રહવાળા

નહીં થવું. પત્ની-પુત્ર વગેરેના (પોતાના વડે જેમનું નિયમન-પોષણ કરવા યોગ્ય છે તેવાઓના) તેમજ (તેવા) બીજાઓના અને (પોતાના સેવકો, શિષ્યો, ભક્તો વગેરે અને) અસત્ દુષ્ટ પુરુષોના (લાત મારવી વગેરે પર્યન્ત રૂપના) તિરસ્કારને સહન કરવા ॥ ૭ ॥

સ્વયમિન્દ્રિયકાર્યાણિ કાયવાઙ્મનસા ત્યજેત્ ।
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાત્ ॥ ૮ ॥

અન્વય – સ્વયમ્ – પોતે (પોતાના ભોગ અર્થે પ્રયત્નપૂર્વક), **ઈન્દ્રિયકાર્યાણિ –** તે-તે ઈન્દ્રિયોથી સિદ્ધ થનારા વિષયભોગોને - તે વિષયભોગને અર્થે થનારા ઈન્દ્રિયોના કાર્યોને, **કાય-વાઙ્ – મનસા –** કાયા, વાણી, મન વડે, **ત્યજેત્ –** ત્યાગવા, (**કાયિક ત્યાગ** - વિષયભોગને યોગ્ય સામગ્રીનું સમ્પાદન ન કરવું, **વાચિક ત્યાગ** - આ શુભ- આ અશુભ વગેરે નહીં બોલવું, **માનસિક ત્યાગ** - વિષયભોગની મનમાં સ્પૃહા ન કરવી), **અશૂરેણ –** પોતાનો સ્વભાવ અને ઈન્દ્રિયોને જીતવામાં જે અસમર્થ છે - અથવા જે ધૈર્ય ધારણ કરવા અસમર્થ છે તેવાઓએ, **અપિ –** પણ, **સ્વસ્ય –** પોતાની, **અસામર્થ્ય –** અસમર્થતાનું, **ભાવનાત્ –** ભાવન કરીને-ચિત્તમાં અનુસંધાન કરીને, **કર્તવ્યમ્ –** (ઈન્દ્રિયોના કાર્યોનો ત્યાગ) કરવો ॥ ૮ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – પોતે (પોતાના ભોગ અર્થે પ્રયત્નપૂર્વક) તે - તે ઈન્દ્રિયોથી સિદ્ધ થનારા વિષયભોગોને - તે વિષયભોગને અર્થે થનારા ઈન્દ્રિયોનાં કાર્યોને કાયા, વાણી, મન વડે ત્યાગવા (**કાયિક ત્યાગ** - વિષયભોગને યોગ્ય સામગ્રીનું સમ્પાદન ન કરવું, **વાચિક ત્યાગ** - આ શુભ-આ અશુભ વગેરે નહીં બોલવું, **માનસિક ત્યાગ** - વિષયભોગની મનમાં સ્પૃહા ન કરવી), પોતાનો સ્વભાવ અને ઈન્દ્રિયોને જીતવામાં જે અસમર્થ છે -અથવા જે ધૈર્ય ધારણ કરવા અસમર્થ છે તેવાઓએ પણ પોતાની અસમર્થતાનું ભાવન

કરીને-ચિત્તમાં અનુસંધાન કરીને (ઈન્દ્રિયોનાં કાર્યોનો ત્યાગ) કરવો ॥ ૮ ॥

અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ ।
એતત્ સહનમત્રોક્તં આશ્રયોઽતો નિરૂપ્યતે ॥ ૯ ॥

અન્વય – અશક્યે – અશક્ય બાબતમાં (સેવામાં પ્રવૃત્ત થયેલો અને જેને વિવેક-ધૈર્ય સિદ્ધ કરવું અશક્ય છે તેણે સર્વ અશક્ય બાબતમાં), **હરિઃ** – દુઃખનું હરણ કરનારા ભગવાન, **એવ** – જ (શરણ), **અસ્તિ** – છે (એમ બુદ્ધિ રાખી ભગવાનનું શરણ જ ભાવન કરવું), (ભગવત્ શરણનું ભાવન કરવાથી) **આશ્રયતઃ** – ભગવદાશ્રયથી (જ), **સર્વમ્** – બધું, **ભવેત્** – (સિદ્ધ) થાય છે. **અત્ર** – અહીં (શરણમાર્ગમાં), **એતત્** – આ (શરણભાવન કરવારૂપ સાધન બતાવ્યા સુધીમાં), **સહનમ્** – ધૈર્યને, **ઉક્તમ્** – કહ્યું છે, **અતઃ** – હવે પછી ક્રમપ્રાપ્ત, **આશ્રયઃ** – આશ્રયનું, **નિરૂપ્યતે** – નિરૂપણ કરવામાં આવે છે ॥ ૯ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – અશક્ય બાબતમાં (સેવામાં પ્રવૃત્ત થયેલો અને જેને વિવેક-ધૈર્ય સિદ્ધ કરવું અશક્ય છે તેણે સર્વ અશક્ય બાબતમાં) દુઃખનું હરણ કરનારા ભગવાન જ (શરણ) છે (એમ બુદ્ધિ રાખી ભગવાનનું શરણ જ ભાવન કરવું), (ભગવત્ શરણનું ભાવન કરવાથી) ભગવદાશ્રયથી (જ) બધું (સિદ્ધ) થાય છે. અહીં (શરણમાર્ગમાં) આ (શરણભાવન કરવારૂપ સાધન બતાવ્યા સુધીમાં) ધૈર્યને કહ્યું છે. હવે પછી ક્રમપ્રાપ્ત આશ્રયનું નિરૂપણ કરવામાં આવે છે ॥ ૯ ॥

ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।
દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ॥ ૧૦ ॥
ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ।
અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ॥ ૧૧ ॥

અન્વય – (અહીં **'ઐહિકે'** થી આરંભી **'અલૌકિક મનઃ સિદ્ધૌ'** પર્યન્તમાં કહેવાયેલ સર્વ બાબતોમાં **'સર્વથા શરણં હરિઃ'** તથા **'એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્'** આટલું જોડવું - **અનુવાદક**)

ઐહિકે – આ લોક સમ્બન્ધમાં (આ જન્મથી લઈ જીવનકાલમાં કરવાના કાર્યો બાબતમાં, **ચ** – અને, **પારલોકે** – પરલોક (અન્તરીક્ષ લોકથી લઈ બ્રહ્મ લોક પર્યન્ત લોક, અથવા આ જન્મ પછી થનારા બીજા જન્મ સમ્બન્ધી કાર્યો બાબતમાં, **સર્વથા** – સર્વ પ્રકારે, **હરિઃ** – સર્વ દુઃખહર્તા ભગવાન્, **શરણમ્** – શરણ-આશ્રય છે (એમ ચિત્તમાં ભાવન કરવું અને વાણીથી પણ તેમ બોલવું), **દુઃખહાનૌ** – દુઃખની હાનિ-નિવૃત્તિને અર્થે (અથવા દુઃખ દૂર થતાં આણે યા આના વડે યા આના કારણે દુઃખ દુર થયું એમ નહીં માનતાં અને બોલતાં શરણભાવન કરવું અને બોલવું), **તથા** – તેમજ, **પાપે** – કોઈ પાપ થઈ જાય ત્યારે (ભાગ્યવશ પાપ થઈ જાય યા ભગવદપરાધ થઈ જાય યા સેવામાં પ્રતિબન્ધ થાય તેવાં કોઈ પાપ થઈ જાય ત્યારે) (તેની નિવૃત્તિ અર્થે પ્રાયશ્ચિત્તાદિનો આશ્રય નહીં કરીને), **ભયે** – કોઈ ભયનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે, **કામાદ્યપૂરણે** – પોતાના મનમાં કરાયેલી લૌકિક-અલૌકિક ઈચ્છાઓ - કામનાઓની અપૂર્તિમાં (તેની પૂર્તિ અર્થે અન્ય ઉપાય નહીં કરી), **ભક્તદ્રોહે** – ભગવાનના ભક્તોનો (તથા ગુરુજનોનો) અપરાધ - અવજ્ઞા થઈ જાય ત્યારે (તેનું જ્ઞાન થતાં તેનાં નિવારણ અર્થે), **ભક્તિ–અભાવે** – સેવામાં પ્રવૃત્ત થઈને પણ ભગવત્સ્વરૂપમાં સ્નેહ ન થાય, અથવા ઉત્પન્ન થયેલો સ્નેહ પણ દુઃસંગ વગેરેથી નાશ પામે ત્યારે (તેનું જ્ઞાન થતાં તેવી સ્થિતિમાં સ્નેહોત્પત્તિ અર્થે), **ચ** – અને (પોતાનાથી થઈ રહેલી સેવા સ્નેહ વિનાની છે તેમ જોઈ, અથવા પ્રમાદ - અહંકાર વગેરે પોતાનામાં રહેલા દોષો જોઈને ક્યારેક) **ભક્તૈઃ** – ભગવાનની સ્નેહ થકી સેવા કરનારા ભક્તો વડે, **અતિક્રમે** – (વાણી યા ક્રિયા વડે) અતિક્રમણ, **કૃતે** – કરાતાં (ભક્તોમાં આ દોષ છે તેમ નહીં વિચારતાં પોતાનામાં જ કોઈ દોષ છે તેમ વિચારીને તેમના પ્રત્યે અનાદર-

અવજ્ઞા વગેરે પ્રતિકૂલ ભાવોને નહીં લાવવા) **અશક્યે** – સ્વયં પોતે યા બીજા દ્વારા કરવા શક્ય નહીં હોય તેવાં સાધનોથી અસાધ્ય કાર્યો ઉપસ્થિત થતાં, **વા** – પણ, (અને) **સુશક્યે** – કોઈ પણ વિશેષ પ્રયત્ન વિનાનાં સાધનોથી કરી શકાય તેવાં કાર્યોની બાબતમાં, **વા** – પણ, **સર્વથા** – સર્વ પ્રકારે, **હરિઃ** – શ્રીકૃષ્ણ (જ) **શરણમ્** – શરણ-આશ્રય છે (તેમ ચિત્તમાં ભાવન કરવું અને તે મુજબ બોલવું). (આ મુજબ અહીં સુધીમાં વિવેકના અભાવમાં પણ ભગવાનનો આશ્રય જ અસહાય શૂર છે એમ જણાવ્યું છે) ॥ ૧૧ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – આ લોક સમ્બન્ધમાં (આ જન્મથી લઈ જીવનકાલમાં કરવાનાં કાર્યો બાબતમાં) અને - પરલોક (અન્તરીક્ષલોકથી લઈ બ્રહ્મલોક પર્યન્ત લોક, અથવા આ જન્મ પછી થનારા બીજા જન્મ સમ્બન્ધી કાર્યો બાબતમાં) સર્વ પ્રકારે સર્વ દુઃખહર્તા ભગવાન્ શરણ-આશ્રય છે (એમ ચિત્તમાં ભાવન કરવું અને વાણીથી પણ તેમ બોલવું) દુઃખની હાનિ-નિવૃત્તિને અર્થે (અથવા દુઃખ દૂર થતાં આણે યા આના વડે યા આના કારણે દુઃખ દૂર થયું એમ નહીં માનતાં અને બોલતાં શરણભાવન કરવું અને બોલવું), તેમજ કોઈ પાપ થઈ જાય ત્યારે (ભાગ્યવશ પાપ થઈ જાય યા ભગવદપરાધ થઈ જાય યા સેવામાં પ્રતિબન્ધ થાય તેવા કોઈ પાપ થઈ જાય ત્યારે) (તેની નિવૃત્તિ અર્થે પ્રાયશ્ચિત્તાદિનો આશ્રય નહીં કરીને), કોઈ ભયનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે, પોતાના મનમાં કરાયેલી લૌકિક-અલૌકિક ઈચ્છાઓ - કામનાઓની અપૂર્તિમાં (તેની પૂર્તિ અર્થે અન્ય ઉપાય નહીં કરી), ભગવાનના ભક્તોનો (તથા ગુરુજનોનો) અપરાધ - અવજ્ઞા થઈ જાય ત્યારે (તેનું જ્ઞાન થતાં તેનાં નિવારણ અર્થે), સેવામાં પ્રવૃત્ત થઈને પણ ભગવત્સ્વરૂપમાં સ્નેહ ન થાય, અથવા ઉત્પન્ન થયેલો સ્નેહ પણ દુઃસંગ વગેરેથી નાશ પામે ત્યારે (તેનું જ્ઞાન થતાં તેવી સ્થિતિમાં સ્નેહોત્પત્તિ અર્થે) અને (પોતાનાથી થઈ રહેલી સેવા સ્નેહ વિનાની છે તેમ જોઈ, અથવા પ્રમાદ - અહંકાર વગેરે પોતાનામાં રહેલા દોષો જોઈને ક્યારેક) ભગવાનની સ્નેહ થકી સેવા કરનારા ભક્તો વડે (વાણી યા ક્રિયા વડે) અતિક્રમણ

કરાતાં (ભક્તોમાં આ દોષ છે તેમ નહીં વિચારતાં પોતાનામાં જ કોઈ દોષ છે તેમ વિચારીને તેમના પ્રત્યે અનાદર-અવજ્ઞા વગેરે પ્રતિકૂલ ભાવોને નહીં લાવવા), સ્વયં પોતે યા બીજા દ્વારા કરવા શક્ય નહીં હોય તેવાં સાધનોથી અસાધ્ય કાર્યો ઉપસ્થિત થતાં પણ, (અને) કોઈ પણ વિશેષ પ્રયત્ન વિનાના સાધનોથી કરી શકાય તેવાં કાર્યોની બાબતમાં પણ સર્વ પ્રકારે શ્રીકૃષ્ણ (જ) શરણ-આશ્રય છે (તેમ ચિત્તમાં ભાવન કરવું અને તે મુજબ બોલવું). (આ મુજબ અહીં સુધીમાં વિવેકના અભાવમાં પણ ભગવાનનો આશ્રય જ અસહાય શૂર છે એમ જણાવ્યું છે) ॥ ૧૧ ॥

અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે ।
પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ॥ ૧૨ ॥
અલૌકિકમનઃ સિદ્ધૌ સર્વાર્થે શરણં હરિઃ ।
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્ ॥ ૧૩ ॥

અન્વય – **અહંકારકૃતે** – ક્યારેક - કોઈક પ્રસંગે પોતાનાથી અહંકાર - અભિમાન કરાઈ જાય (અભિમાન વશ કંઈ બોલવું-કરવું થઈ જાય) ત્યારે, **ચ** – અને, **પોષ્ય–પોષણ–રક્ષણે** – પોતાના વડે જેમનું પોષણ-રક્ષણ કરવું આવશ્યક છે તેવા પત્ની-પુત્ર વગેરેના પોષણ-રક્ષણ વિષયમાં (વિશેષ ચિન્તા યા આયાસ નહીં કરીને), **એવ** – તે દોષની નિવૃત્તિ અર્થે તેમજ પોષણ-રક્ષણને અર્થે બીજો કોઈ ઉપાય નહીં કરીને, **ચ** – અને, **પોષ્ય–અતિક્રમણે** – પોતાનાથી પોષાઈ રહેલાઓ વડે પોતાનું અતિક્રમણ-દુર્વ્યવહાર-મર્યાદાભંગ - ચોટ પહોંચાડવું વગેરે કરવામાં આવે ત્યારે, **તથા** – તેમજ, **અન્તેવાસિ–અતિક્રમે** – પોતાના શિષ્યો વડે અતિક્રમણ થાય ત્યારે (પણ), **એવ** – ક્રોધ-ગર્વ વગેરે દોષની નિવૃત્તિ માટે બીજો કોઈ ઉપાય નહીં કરીને, **અલૌકિક મનઃ સિદ્ધૌ** – (તેમજ) કામસંકલ્પ રહિત અને સેવા-આશ્રય વગેરેને અનુકૂલ એવા મનની સિદ્ધિ અર્થે, **સર્વાર્થે** – લૌકિક-અલૌકિક સર્વ પ્રકારના અર્થમાં,

હરિઃ – દુઃખ, પાપ વગેરે સર્વને દૂર કરનારા એવા ભગવાન જ, **શરણમ્** – શરણ-આશ્રય (છે), **એવમ્** – એ પ્રમાણે, **સદા** – નિરન્તર, **ચિત્તે** – ચિત્તમાં, **ભાવ્યમ્** – ભાવન કરવું - અનુસન્ધાન રાખવું (તે મુજબ જ), **વાચા** – વાણી વડે, **પરિકીર્તયેત્** – બીજાને જણાવવા અથવા પોતાના અર્થે પણ સર્વ પ્રકારે - સારી રીતે બોલવું ॥ ૧૨-૧૩ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – ક્યારેક - કોઈક પ્રસંગે પોતાનાથી અહંકાર - અભિમાન કરાઈ જાય (અભિમાન વશ કંઈ બોલવું-કરવું થઈ જાય) ત્યારે, અને પોતાના વડે જેમનું પોષણ-રક્ષણ કરવું આવશ્યક છે તેવા પત્ની-પુત્ર વગેરેના પોષણ-રક્ષણ વિષયમાં (વિશેષ ચિન્તા યા આયાસ નહીં કરીને) તે દોષની નિવૃત્તિ અર્થે, તેમજ પોષણ-રક્ષણને અર્થે બીજો કોઈ ઉપાય નહીં કરીને, અને પોતાનાથી પોષાઈ રહેલાઓ વડે પોતાનું અતિક્રમણ-દુર્વ્યવહાર-મર્યાદાભંગ - ચોટ પહોંચાડવું વગેરે કરવામાં આવે ત્યારે, તેમજ પોતાના શિષ્યો વડે અતિક્રમણ થાય ત્યારે (પણ) ક્રોધ-ગર્વ વગેરે દોષની નિવૃત્તિ માટે બીજો કોઈ ઉપાય નહીં કરીને, (તેમજ) કામસંકલ્પરહિત અને સેવા-આશ્રય વગેરેને અનુકૂલ એવા મનની સિદ્ધિ અર્થે, લૌકિક-અલૌકિક સર્વ પ્રકારના અર્થમાં દુઃખ, પાપ વગેરે સર્વને દૂર કરનારા એવા ભગવાન જ શરણ-આશ્રય (છે) એ પ્રમાણે નિરન્તર ચિત્તમાં ભાવન કરવું - અનુસન્ધાન રાખવું અને (તે મુજબ જ) વાણી વડે બીજાને જણાવવા અથવા પોતાના અર્થે પણ સર્વ પ્રકારે - સારી રીતે બોલવું ॥ ૧૨-૧૩ ॥

અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ ।
પ્રાર્થનાઃ કાર્યમાત્રેપિ તથાન્યત્ર વિવર્જયેત્ ॥ ૧૪ ॥
અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ॥ ૧૫ ॥

અન્વય – **અન્યસ્ય** – અન્યનું (ભગવાન અને તેમના ભક્તોથી અતિરિક્ત અન્યનું), **ભજનમ્** – ભજન (સેવા-સેવન) (તેમજ), **તત્ર** – ત્યાં (તેમના સ્થળમાં અથવા તેમની પાસે), **સ્વતઃ** – સામે ચાલીને (પ્રયત્ન પૂર્વક), **એવ** – જ, **ગમનમ્** – જવું, (ત્યાગવું) **ચ** – અને, **કાર્યમાત્રે** – નાના-મોટા કોઈ પણ પ્રકારના કાર્યમાત્રમાં, **અપિ** – પણ, **તથા** – (જેમ ક્યારેક ભગવાનને કાર્યમોહવશ પ્રાર્થના કરી દેવાય છે યા વિજ્ઞાપન કરાય છે) તે મુજબની, **અન્યત્ર** – ભગવાન્ સિવાય બીજે ક્યાંય પણ, **પ્રાર્થનાઃ** – પ્રાર્થના (માંગવાના વ્યવહારનો અસાધારણ કારણ રૂપ ‘મને આપો’ એમ પ્રયોજન પૂર્ણ વચનો પૂર્વકનો હાથ ફેલાવીને વગેરે શરીરથી થનારો જે વ્યાપાર તે પ્રાર્થના છે), **વિવર્જયેત્** – વિશેષ કરીને ત્યાગવી ॥ ૧૪ ॥ **અવિશ્વાસઃ** – (મારા-શ્રીઆચાર્યચરણનાં આ વચનોમાં અથવા ભક્તિમાર્ગીય ભગવદાશ્રયમાં) અવિશ્વાસ, **તુ** – તો, **ન** – નહીં (જ), **કર્તવ્યઃ** – કરવો (કારણ કે), **સઃ** – તે (અવિશ્વાસ), **સર્વથા** – સર્વ પ્રકારે (સ્વરૂપથી અને ફલથી બીજા બધા કરતાં અધિક), **બાધકઃ** – બાધક બને છે, **બ્રહ્માસ્ત્રચાતકૌ** – (અવિશ્વાસના અનિષ્ટપણામાં) બ્રહ્માસ્ત્રનો (અને) (વિશ્વાસથી ઉદ્દેશ્યસિદ્ધિમાં) ચાતકનું, **ભાવ્યમ્** – ભાવન કરવું - ચિન્તવું - વિચારવું (તેથી ભગવદાશ્રયમાં પૂર્ણ વિશ્વાસ રાખી), **નિર્મમઃ** – કોઈ પણ વિષયમાં મમતારહિત, **પ્રાપ્તમ્** – (જે) પ્રાપ્ત હોય તેનું, **સેવેત** – સેવન કરવું ॥ ૧૪-૧૫ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – અન્યનું (ભગવાન અને તેમના ભક્તોથી અતિરિક્ત અન્યનું) ભજન (સેવા-સેવન) (તેમજ) ત્યાં (તેમના સ્થળમાં અથવા તેમની પાસે) સામે ચાલીને (પ્રયત્ન પૂર્વક) જ જવું, (ત્યાગવું) અને નાના-મોટા કોઈ પણ પ્રકારના કાર્યમાત્રમાં પણ (જેમ ક્યારેક ભગવાનને કાર્યમોહવશ પ્રાર્થના કરી દેવાય છે યા વિજ્ઞાપન કરાય છે) તે મુજબની ભગવાન્ સિવાય બીજે ક્યાંય પણ પ્રાર્થના (માંગવાના વ્યવહારનો અસાધારણ કારણ રૂપ ‘મને આપો’ એમ પ્રયોજન પૂર્ણ વચનો પૂર્વકનો હાથ ફેલાવીને વગેરે શરીરથી

થનારો જે વ્યાપાર તે પ્રાર્થના છે) વિશેષ કરીને ત્યાગવી ॥ ૧૪ ॥ (મારા-શ્રીઆચાર્યચરણનાં આ વચનોમાં અથવા ભક્તિમાર્ગીય ભગવદાશ્રયમાં) અવિશ્વાસ તો નહીં (જ) કરવો (કારણ કે) તે (અવિશ્વાસ) સર્વ પ્રકારે (સ્વરૂપથી અને ફલથી બીજા બધા કરતાં અધિક)બાધક બને છે. (અવિશ્વાસના અનિષ્ટપણામાં) બ્રહ્માસ્ત્રનો (અને) (વિશ્વાસથી ઉદ્દેશ્યસિદ્ધિમાં) ચાતકનું ભાવન કરવું - ચિન્તવું - વિચારવું (તેથી ભગવદાશ્રયમાં પૂર્ણ વિશ્વાસ રાખી) કોઈ પણ વિષયમાં મમતારહિત (જે) પ્રાપ્ત હોય તેનું સેવન કરવું ॥ ૧૪-૧૫ ॥

યથાકથંચિત્કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ ।
કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ધરિમ્ ॥ ૧૬ ॥
એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્ ।
કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ॥ ૧૭ ॥

ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિતો વિવેકધૈર્યાશ્રયઃ ॥

અન્વયઃ **ઉચ્ચાવચાનિ –ઉચ્ચ =** શ્રેષ્ઠ (વૈદિક) **અવચ –** અશ્રેષ્ઠ (લૌકિક) (જે લોક-વેદ-કુલના આચારથી પ્રાપ્ત થાય તેવા), **કાર્યાણિ** – કાર્યો, **અપિ –** પણ, **યથાકંથચિત્ –** સ્વધર્મપણાએ તેનો વિસ્તાર કર્યા વિના અને તે માટે દેવું વગેરે કર્યા વિના જે રીતે બને તે રીતે, **કુર્યાત્ –** કરવાં, **વા –** અથવા આથી વિશેષ, **બહુના –** વધુ (બીજું કંઈ), **પ્રોક્તેન –** કહેવાથી, **કિમ્ –** શું સિદ્ધિ થશે ? (કંઈ પણ નહીં) (તેથી સર્વત્ર-સર્વ બાબતમાં), **હરિમ્ –** શ્રીહરિનું જ, **શરણમ્ –** શરણ-આશ્રયરૂપમાં, **ભાવયેત્ –** ભાવન કરવું - અનુસંધાન કરવું -વિચારવું ॥ ૧૬ ॥ **એવમ્ –** આ પ્રમાણે, **સર્વેષામ્ –** સર્વનું (સર્વ વર્ણના અને આશ્રમના અને તે સિવાયના તેમજ સ્ત્રી-શૂદ્ર-પાતકી-અપાતકી વગેરે સર્વનું), **સર્વદા –** હમેશાં (કોઈ પણ પ્રકારની કાલમર્યાદા વિના સર્વયુગમાં અને સમ્પદ્-આપદ્ સર્વકાલમાં), **હિતમ્ –** હિત કરનાર (યથાધિકાર ઉત્તમ ફલને આપનાર), **આશ્રયણમ્ –** આશ્રયને, **પ્રોક્તમ્ –** (વિવેક ધૈર્યસહિતનો અને કેવલ એમ બન્ને પ્રકારે) પ્રકર્ષે કહ્યો, **હિ –** નિશ્ચય કરીને, **ભક્ત્યાદિમાર્ગાઃ –** ભક્તિ વગેરે માર્ગો (ભક્તિ-જ્ઞાન-કર્મ વગેરે માર્ગો) (બહુ સાધનસાધ્ય હોવાથી અને તે સાધનો), **કલૌ –** કલિયુગમાં (થઈ શકવા સંભવ ન હોવાથી તે માર્ગો) **દુઃસાધ્યાઃ –** દુઃસાધ્ય છે (જ્યારે ભગવદાશ્રય સર્વસાધન નિરપેક્ષ હોવાથી તેમજ તે માર્ગોના અનુકલ્પરૂપ હોવાથી સુસાધ્ય છે), **ઈતિ –** એમ, **મે –** મારી (શ્રીવલ્લભાચાર્યજીની), **મતિઃ -** મતિ છે ॥ ૧૭ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – શ્રેષ્ઠ (વૈદિક), અશ્રેષ્ઠ (લૌકિક) (જે લોક-વેદ-કુલના આચારથી પ્રાપ્ત થાય તેવાં) કાર્યો પણ સ્વધર્મપણાએ તેનો વિસ્તાર કર્યા વિના અને તે માટે દેવું વગેરે કર્યા વિના જે રીતે બને તે રીતે કરવાં અથવા આથી વિશેષ વધુ (બીજું કંઈ) કહેવાથી શું સિદ્ધિ થશે ? (કંઈ પણ નહીં) (તેથી સર્વત્ર-સર્વ બાબતમાં) શ્રીહરિનું જ શરણ-આશ્રયરૂપમાં ભાવન કરવું - અનુસંધાન કરવું -વિચારવું ॥ ૧૬ ॥ આ પ્રમાણે સર્વનું (સર્વ વર્ણના અને આશ્રમના અને તે સિવાયના તેમજ સ્ત્રી-શૂદ્ર-પાતકી-અપાતકી વગેરે સર્વનું) હમેશાં (કોઈ પણ પ્રકારની કાલમર્યાદા વિના સર્વયુગમાં અને સમ્પદ્-આપદ્ સર્વકાલમાં)હિત કરનાર (યથાધિકાર ઉત્તમ ફલને આપનાર) આશ્રયને (વિવેક ધૈર્યસહિતનો અને કેવલ એમ બન્ને પ્રકારે) પ્રકર્ષે કહ્યો. નિશ્ચય કરીને ભક્તિ વગેરે માર્ગો (ભક્તિ-જ્ઞાન-કર્મ વગેરે માર્ગો) (બહુ સાધનસાધ્ય હોવાથી અને તે સાધનો-) કલિયુગમાં (થઈ શકવા સંભવ ન હોવાથી તે માર્ગો) દુઃસાધ્ય છે (જ્યારે ભગવદાશ્રય સર્વસાધન નિરપેક્ષ હોવાથી તેમજ તે માર્ગોના અનુકલ્પરૂપ હોવાથી સુસાધ્ય છે) એમ મારી (શ્રીવલ્લભાચાર્યજીની) મતિ છે ॥ ૧૭ ॥

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત
વિવેકધૈર્યાશ્રય ગ્રન્થનો ગો.ચન્દ્રગોપાલ દ્વારા કરાયેલ અન્વય-
ટિપ્પણસહિત ભાવાર્થ પૂર્ણ થયો ॥ શ્રીઆચાર્યચરણાઃ પ્રસન્નોઽસ્તુ ॥